# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


---

રેફ નં. તાઃ ૨૧/૮/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## શહેરના તેમજ ઉદ્યોગ–ધંધાના વિકાસ માટે ઉદ્યોગકારો તરફથી સમસ્યાના ઉકેલ માટે સૂચનો મળી રહે તે હેતુથી વન ટુ વન મિટીંગો કરીશું : દેશના ટેક્ષ્ટાઇલ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શના જરદોશ

**ચેમ્બર સહિત ૧૧૫થી પણ વધુ ઔદ્યોગિક સંસ્થાઓ દ્વારા ભારત સરકારના કેન્દ્રીય ટેક્ષ્ટાઇલ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શના જરદોશનું ઉમળકાભેર સ્વાગત કરી ભવ્ય સન્માન કરાયું**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, સુરત આર્ટ સિલ્ક કલોથ મેન્યુફેકચરર્સ એસોસીએશન અને દક્ષિણ ગુજરાતના તમામ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના એસોસીએશનના સંયુકત ઉપક્રમે શનિવાર, તા. ૨૧ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આવેલા પ્લેટીનમ હોલમાં સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં છેલ્લા ત્રણ ટર્મથી સફળ સાંસદ રહેલા અને હાલમાં જ કેન્દ્ર સરકારમાં ટેક્ષ્ટાઇલ અને રેલ્વે મંત્રાલયમાં રાજ્ય મંત્રી તરીકે વરાયેલા દર્શના જરદોશનું ચેમ્બરની સાથે ૧૧૫થી પણ વધુ ઔદ્યોગિક સંસ્થાઓએ સાથે મળીને ઉકળકાભેર સ્વાગત

કરીને તેઓનું ભવ્ય સન્માન કર્યું હતું. આ સન્માન સમારોહમાં ધારાસભ્ય વિવેક પટેલ અને ઝંખના પટેલ પણ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, એમએમએફના દેશના કુલ ઉત્પાદનના ૬૫ ટકા ઉત્પાદન એકમાત્ર સુરતમાં થાય છે ત્યારે નિકાસ વધારવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલને સાર્થક કરવા માટે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાંથી નિકાસ વધારવા માટે તેમજ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીનો ઝડપી વિકાસ કરવા માટે સુરતમાં રિસર્ચ સેન્ટર ડેવલપ કરવું પડશે. જેના થકી કવોલિટી પ્રોડકશન ડેવલપ કરી શકાશે અને વિદેશમાં કયા પ્રકારના કપડાની માંગ વધી રહી છે તેનો પણ અભ્યાસ કરી શકાશે. ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઉદ્યોગ સહિત અન્ય ઉદ્યોગોના વિકાસ માટે પણ ચેમ્બર દ્વારા તમામ ઔદ્યોગિક એસોસીએશનોની સાથે મળીને મંત્રીઓને રજૂઆત કરવામાં આવશે.

કેન્દ્ર સરકારમાં ટેક્ષ્ટાઇલ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શના જરદોશે જણાવ્યું હતું કે, ચેમ્બર મહાજનોની સંસ્થા છે. આથી ચેમ્બરે હવે શહેરનો વિકાસ કેવી રીતે કરવો ? તેમજ ઉદ્યોગ – ધંધા અને રોજગારને તકલીફમાંથી કઇ રીતે બહાર લાવવા ? તે દિશામાં રોડમેપ બનાવી મહત્વની ભૂમિકા અદા કરવી પડશે. એક રાજકીય નેતા તરીકે પણ હું કર્મના સિદ્ધાંત પર આગળ વધતી ગઇ હતી. જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ પ્રશ્નો આવતા ગયા અને અમે પણ તેની સાથે અપગ્રેડ થતા ગયા. હવે સુરતની સમસ્યાને સમજવા માટે તૈયાર થઇ ગયા છે. સુરત મહાનગરપાલિકા પણ ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ માટે કામ કરી રહી છે. ગુજરાતમાં પણ સરકારે ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કર્યું હતું ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે કેન્દ્રમાં પણ આ જ દિશામાં ડેવલપમેન્ટ જારી રાખ્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હવે કોમર્સ અને ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી બંને મર્જ થઇ ગઇ છે. ટેક્ષ્ટાઇલ અને રેલ્વે મંત્રાલય પણ ચોકકસ વિઝન સાથે આગળ વધી રહયું છે. સુરતમાં ટેક્ષ્ટાઇલ પાર્ક અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર લાવવાનું હોય તો તેના માટે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીએ સાથે મળીને એક ટેબલ ઉપર બેસીને ચર્ચા કરવી પડશે. કેન્દ્ર સરકાર, દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં આગળ વધી રહી છે અને નાના ઉદ્યોગકારોના વિકાસ માટે જેમ પોર્ટલ બનાવ્યું છે, ત્યારે હવે એકસપોર્ટ વધારવા માટે કવોલિટીનું ઘ્યાન રાખવું પડશે તેમજ સુરતને બ્રાન્ડ બનાવવાની દિશામાં આગળ વધવું પડશે. તેમણે કહયું કે, શહેરના તેમજ ઉદ્યોગના વિકાસ માટે વન ટુ વન મિટીંગો કરીશું. ઉદ્યોગકારો તેમજ વડીલો તરફથી મને માર્ગદર્શન મળે અને તેની સાથે સાથે સમસ્યાના ઉકેલ માટે સૂચનો પણ મળે તેવી આશા તેમણે વ્યકત કરી હતી.

સન્માન સમારોહમાં ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ તેમજ ફિઆસ્વીના ચેરમેન ભરત ગાંધી, ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ રાજેન્દ્ર ચોખાવાલા, હીરા ઉદ્યોગના આગેવાન સવજી ધોળકીયા, યઝદી કરંજીયા, સીએ પ્રદીપ સિંઘી અને ક્રેડાઇના વેલજી શેટાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

ચેમ્બરના ભૂતપૂર્વ માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી અને ડો. મુકુલ ચોકસીએ સન્માન સમારોહનું સમગ્ર સંચાલન કર્યું હતું. અંતે ચેમ્બરના માનદ્ મંત્રી દીપક કુમાર શેઠવાલાએ સર્વેનો આભાર માની સમારોહનું સમાપન કર્યું હતું.